ક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૨૫/૨૯૬૧-૩૬
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ.
સેકટર-૧૦ બી, જૂના સચિવાલય પાસે.
ગાંધીનગર. તા.૦૪/૧૦/૨૦૨૫

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી(તમામ),
ગુજરાત રાજ્ય.

વિષય:- ધોરણ-૧૧ અને ૧૨ સામાન્ય પ્રવાહના વિષયમાળખામાં યોગ, સ્વાસ્થ્ય અને શારીરિક શિક્ષણના વિષયનો વૈકલ્પિક વિષય તરીકે સમાવેશ કરવા બાબત.

સંદર્ભ:- (૧) શિક્ષણ વિભાગનો તા.૩૦/૦૮/૨૦૨૫નો પત્ર ક્રમાંક:ED/MIS/e-file/3/૨૦૨૫/૪૬૧૩/CHH
(૨) તા.૨૨/૦૯/૨૦૨૫ના રોજ મળેલ શૈક્ષણિક સમિતિના ઠરાવ ક્રમાંક:૧૯/૨૦૨૫

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે યોગ, સ્વાસ્થ્ય અને શારીરિક શિક્ષણ વિષયને ધોરણ-૧૧-૧૨ (સામાન્ય પ્રવાહ)માં વૈકલ્પિક વિષય તરીકે વિષયમાળખામાં સમાવેશ કરવા અંગે તા.૧૭/૦૭/૨૦૨૫ના રોજ મળેલ શૈક્ષણિક સમિતિમાં થયેલ નિર્ણય અન્વયે બોર્ડના તા.૧૩/૦૮/૨૦૨૫ના પત્રથી ધોરણ-૧૧,૧૨ (સામાન્ય પ્રવાહ)ના વિષયમાળખામાં જૂથ-૪માં યોગ, સ્વાસ્થ્ય અને શારીરિક શિક્ષણનો વૈકલ્પિક વિષય તરીકે સમાવેશ કરવા અંગે સરકારશ્રીની મંજૂરી મેળવવા શિક્ષણ વિભાગમાં દરખાસ્ત કરવામાં આવેલ હતી. જે અન્વયે ધોરણ-૧૧-૧૨ સામાન્ય પ્રવાહના વિષયમાળખામાં જૂથ-૪માં ચિત્રકલા/ સંગીત/ કમ્પ્યૂટર અધ્યયન/ વોકેશનલ વિષયના અથવામાં યોગ, સ્વાસ્થ્ય અને શારીરિક શિક્ષણનો વિષય સમાવેશ કરવા માટે શિક્ષણ વિભાગના તા.૩૦/૦૮/૨૦૨૫ના સંદર્ભ-(૧) દર્શિત પત્રથી સરકારશ્રીની મંજૂરી આપવામાં આવેલ છે.

તા.૨૨/૦૯/૨૦૨૫ના રોજ મળેલ શૈક્ષણિક સમિતિના ઠરાવ ક્રમાંક:૧૯/૨૦૨૫થી રાજ્યની ઉચ્ચતર માધ્યમિક શાળાઓ (સામાન્ય પ્રવાહ)માં શૈક્ષણિક વર્ષ-૨૦૨૬-૨૭થી ક્રમશ: ધોરણ-૧૧ (સામાન્ય પ્રવાહ)માં અને શૈક્ષણિક વર્ષ-૨૦૨૭-૨૮થી ધોરણ-૧૨ (સામાન્ય પ્રવાહ)ના વિષયમાળખામાં જૂથ-૪ માં ચિત્રકલા/ સંગીત/ કમ્પ્યૂટર અધ્યયન/ વોકેશનલ વિષયના અથવામાં યોગ, સ્વાસ્થ્ય અને શારીરિક શિક્ષણના વિષયનો સમાવેશ કરવા અંગેની બાબતની અમલવારી કરવાનો સર્વાનુમતે નિર્ણય કરવામાં આવેલ છે. જે અન્વયે શૈક્ષણિક વર્ષ-૨૦૨૬-૨૭થી ક્રમશ: ધોરણ-૧૧ સામાન્ય પ્રવાહ અને શૈક્ષણિક વર્ષ-૨૦૨૭-૨૮થી ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહમાં અમલી બનનાર નવું વિષયમાળખું આ સાથે સામેલ છે. ઉક્ત વિગતો આપના તાબા હેઠળની તમામ ઉચ્ચતર માધ્યમિક શાળાઓ (સામાન્ય પ્રવાહ)ને જાણ તેમજ અમલ સારુ મોકલી આપશો.

યોજના
૬/૧૦/૨૦૨૫

બિડાણ:-ધોરણ-૧૧ અને ૧૨ સામાન્ય પ્રવાહનું નવું વિષયમાળખું

સંયુક્ત નિયામક
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

આવક -2638

ક્રમાંક:~~માધ્યમિક~~ યોજના/૨૦૨૫/૬૬૨૪
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
બહુમાળી ભવન,ભાવનગર,
તા- ૮/૧૦/૨૦૨૫

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી/RMSA/ગ્રાન્ટેડ/નોન ગ્રાન્ટેડ ઉચ્ચતર માધ્યમિક શાળાઓ (સામાન્ય પ્રવાહ)તમામ,
ભાવનગર.

ઉક્ત પત્રમાં માંગવામાં આવેલ માહિતી દિન-1માં મોકલી આપવા જણાવવામાં આવે છે.

જિલ્લા શિક્ષણાધિકારી
ભાવનગર

નકલ રવાના :-શિ.નિ.શ્રી,મ.શિ.નિ.શ્રી (તમામ), સદર કચેરી.
-સદર શાળાઓને જાણ તથા અમલવારી કરાવવા ...

## ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.

**ધોરણ-11 અને 12 સામાન્ય પ્રવાહનું નવું વિષય માળખું :-**

જૂથ-1 નીચેના પૈકી કોઇ એક ભાષા પસંદ કરવાની રહેશે :

| વિષયનો ઇન્ડેક્ષ નંબર | વિષયનું નામ | કુલ ગુણ | ઉત્તીર્ણ થવા માટે ઓછામાં ઓછા ગુણ |
|---|---|---|---|
| 006 | અંગ્રેજી (અંગ્રેજી માધ્યમ માટે) | 100 | 33 |
| 013 | અંગ્રેજી (અંગ્રેજી માધ્યમ સિવાયના માટે) | 100 | 33 |

જૂથ-2 નીચેના પૈકી કોઇ એક વિષય પસંદ કરવાનો રહેશે :

| વિષયનો ઇન્ડેક્ષ નંબર | વિષયનું નામ | કુલ ગુણ | ઉત્તીર્ણ થવા માટે ઓછામાં ઓછા ગુણ |
|---|---|---|---|
| 001 | ગુજરાતી (જૂથ-1માં 013 પસંદ કરનાર માટે) | 100 | 33 |
| 002 | હિન્દી (જૂથ-1માં 013 પસંદ કરનાર માટે) | 100 | 33 |
| 003 | મરાઠી (જૂથ-1માં 013 પસંદ કરનાર માટે) | 100 | 33 |
| 004 | ઉર્દૂ (જૂથ-1માં 013 પસંદ કરનાર માટે) | 100 | 33 |
| 005 | સિંધી (જૂથ-1માં 013 પસંદ કરનાર માટે) | 100 | 33 |
| 007 | તમિલ (જૂથ-1માં 013 પસંદ કરનાર માટે) | 100 | 33 |
| 008 | ગુજરાતી (જૂથ-1માં 006 પસંદ કરનાર માટે) | 100 | 33 |
| 009 | હિન્દી (જૂથ-1માં 006 પસંદ કરનાર માટે) | 100 | 33 |
| 010 | ઉડિયા (જૂથ-1માં 013 પસંદ કરનાર માટે) | 100 | 33 |

જૂથ-3 નીચેના પૈકી કોઇ બે વિષયો પસંદ કરવાના રહેશે :

| વિષયનો ઇન્ડેક્ષ નંબર | વિષયનું નામ | સૈદ્ધાંતિક | |
|---|---|---|---|
| | | કુલ ગુણ | ઉત્તીર્ણ થવા માટે ઓછામાં ઓછા ગુણ |
| 046 | વાણિજ્ય વ્યવસ્થા | 100 | 33 |
| 129<br>130<br>131<br>132 | સંસ્કૃત અથવા<br>ફારસી અથવા<br>અરબી અથવા<br>પ્રાકૃત | 100 | 33 |
| 141 | મનોવિજ્ઞાન | 100 | 33 |
| 154 | નામાનાં મૂળ તત્વો | 100 | 33 |
| 009 | હિન્દી<br>(02 પસંદ ન કરનાર માટે)/<br>(જૂથ-2 માં 09 પસંદ ન કરેલ | 100 | 33 |



Scanned with OKEN Scanner

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,

ગાંધીનગર.

| | | | |
|---|---|---|---|
| | હોય તેના માટે) | | |
| 111 | સહકાર પંચાયત | 100 | 33 |

જૂથ-4 નીચેના પૈકી કોઇ ત્રણ વિષયો પસંદ કરવાના રહેશે :

| વિષયનો ઇન્ડેક્ષ નંબર | વિષયનું નામ | સૈદ્ધાંતિક | | પ્રાયોગિક | |
|---|---|---|---|---|---|
| | | કુલ ગુણ | ઉત્તીર્ણ થવા માટે ગુણ | કુલ ગુણ | ઉત્તીર્ણ થવા માટે ગુણ |
| 022 | અર્થશાસ્ત્ર | 100 | 33 | - | - |
| 135 | આંકડાશાસ્ત્ર | 100 | 33 | - | - |
| 139 | સમાજશાસ્ત્ર | 100 | 33 | - | - |
| 023 | રાજ્યશાસ્ત્ર | 100 | 33 | - | - |
| 029 | ઇતિહાસ | 100 | 33 | - | - |
| 148 | ભૂગોળ | 100 | 33 | - | - |
| 136 | તત્વજ્ઞાન | 100 | 33 | - | - |
| 137 | ચિત્રકામ સૈદ્ધાંતિક | 30 | 10 | - | - |
| 138 | ચિત્રકામ પ્રાયોગિક | - | - | 70 | 23 |
| | અથવા | | | | |
| 146 | સંગીત સૈદ્ધાંતિક | 40 | 13 | - | - |
| 147 | સંગીત પ્રાયોગિક | - | - | 60 | 20 |
| | અથવા | | | | |
| 331 | કમ્પ્યૂટર અધ્યયન | 100 | 33 | - | - |
| 332 | કમ્પ્યૂટર અધ્યયન (પ્રાયોગિક) | - | - | 50 | 17 |
| | અથવા | | | | |
| - | વોકેશનલ શિક્ષણનો વિષય | 30 | 10 | 50 | 17 |
| | અથવા | | | | |
| - | યોગ, સ્વાસ્થ્ય અને શારીરિક શિક્ષણ (સૈદ્ધાંતિક) | 40 | 13 | - | - |
| - | યોગ, સ્વાસ્થ્ય અને શારીરિક શિક્ષણ (પ્રાયોગિક) | - | - | 60 | 20 |
| 337 | S. P. & C. C. | 100 | 33 | - | - |

સૂચનાઓ :-

(1) જે વિદ્યાર્થીઓએ ધોરણ-11/12માં યોગ, સ્વાસ્થ્ય અને શારીરિક શિક્ષણ વિષયપસંદ ન કરેલ હોય તેવા તમામ વિદ્યાર્થીઓએ માત્ર પ્રાયોગિક કાર્ય કરવાનું રહેશે અને ધોરણ-12 ને અંતે લેવાનાર જાહેર પરીક્ષા માટે આવેદનપત્રમાં આચાર્યએ યોગ, સ્વાસ્થ્ય અને શારીરિક શિક્ષણનું પ્રાયોગિક કાર્ય વિદ્યાર્થીએ સંતોષકારક રીતે પૂર્ણ કર્યું છે તે મતલબનું પ્રમાણપત્ર આપવાનું રહેશે.

Scanned with OKEN Scanner